॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# શું આપ ઈશ્વરને માનો છો ?

?

રાજેન્દ્ર કુમાર ધવન

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# શું આપ ઈશ્વરને માનો છો ?

(પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજના
વિચારો ઉપર આધારિત)

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देवदेव ॥

રાજેન્દ્ર કુમાર ધવન

અનુવાદક : ડૉ. રક્ષાબહેન પ્ર. દવે

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# શું આપ ઈશ્વરને માનો છો ?

શું આપ ઈશ્વરને માનો છો ? આ પ્રશ્નનો ઉત્તર ‘હા’માં દેનારી વ્યક્તિઓ ઘણી મળી જશે, પણ ઈશ્વરને ચાહનારી વ્યક્તિ ભાગ્યે જ કોઈ મળે ! તેથી એક શંકા ઊભી થાય છે કે શું પોતાને ઈશ્વરવાદી (આસ્તિક) કહેનાર બધા લોકો વાસ્તવમાં ઈશ્વરને માને છે ? કારણ કે એ નિયમ છે કે જે ઈશ્વરને માનશે, તે ઈશ્વરને ચાહશે પણ ખરો. પરન્તુ જોવા એ મળે છે કે લોકો માને છે ઈશ્વરને, પણ ચાહે છે સંસારને ! એ જ કારણે લોકો ઈશ્વરની વાતો કરે છે, કથા સાંભળે છે, સત્સંગ કરે છે, જ્ઞાનની વાતો કહે છે, પણ રૂપિયા સામે આવતાં જ બધું ભૂલી જાય છે, જેવી રીતે આકાશમાં ઊંચાઈએ ઊડી રહેલું ગીધ પૃથ્વી ઉપરના માંસને જોતાં જ તેની ઉપર ઊતરી પડે છે ! કારણ એ છે કે એમના અન્તઃકરણમાં

મહત્ત્વ રૂપિયાઓનું છે, ઈશ્વરનું નહીં. તેમનો ઇષ્ટદેવ રૂપિયો છે, ઈશ્વર નહીં. ગોસ્વામી શ્રીતુલસીદાસજી મહારાજે પહેલાં જ લખી દીધું હતું કે—

**ब्रह्म ग्यान बिनु नारि नर कहहिं न दूसरि बात ।**
**कौड़ी लागि लोभ बस करहिं बिप्र गुर घात ॥**

(માનસ, ઉત્તર૦ ૯૯ ક)

*'સ્ત્રી-પુરુષ બ્રહ્મના સિવાય બીજી વાત કરતા નથી, પરંતુ તેઓ લોભવશ કોડીઓ (ઘણાં ઓછા લાભ) માટે બ્રાહ્મણ અને ગુરુની હત્યા કરી નાંખે છે.'*

એક ગુરુજીએ બિલાડી પાળી હતી. જ્યારે તેઓ શિષ્યોને ભણાવતા હતા, ત્યારે તે બિલાડી સ્થિર થઈને બેસી જતી'તી. અને તેઓ તે બિલાડીના માથા ઉપર દીવો રાખી દેતા હતા. તે દીવાના પ્રકાશમાં તેઓ શિષ્યોને ભણાવતા હતા. બધા લોકો બિલાડીની આ એકાગ્રતાની બહુ પ્રશંસા કરતા હતા. એક શિષ્યને કોઈ વાત સૂઝી આવી. તે એક દિવસ છુપાવીને ઉંદર

લઈ આવ્યો. જ્યારે ગુરુજી ભણાવી રહ્યા હતા ત્યારે તેણે ચૂપકીથી ઉંદર છોડી મૂક્યો. ઉંદરને જોતાં જ બિલાડી તેની ઉપર કૂદી પડી. દીવો પડી ગયો અને અંધારું છવાઈ ગયું ! વાસ્તવમાં બિલાડીની એકાગ્રતા ત્યાં સુધી હતી કે જ્યાં સુધી તેની સામે ઉંદર નહોતો આવ્યો. તેવી રીતે લોભી મનુષ્ય ત્યાં સુધી જ્ઞાની બનીને રહે છે કે જ્યાં સુધી તેની સામે રૂપિયો નથી આવતો. કામી મનુષ્ય ત્યાં સુધી ધર્માત્મા બનીને રહે છે કે જ્યાં સુધી તેની સામે સ્ત્રી નથી આવતી.

મનુષ્યશરીર કર્મયોનિ છે. આ શરીરમાં મનુષ્ય નવું પુણ્યકર્મ કરી શકે છે. ભગવાને જીવને પોતાનું કલ્યાણ કરવા માટે મનુષ્ય-શરીર આપ્યું છે અને સાથે પૂરતી સાધન-સામગ્રી પણ આપી છે. અર્થ, ધર્મ, કામ અને મોક્ષ— એ ચારમાંથી ધર્મનું પાલન તથા મોક્ષની પ્રાપ્તિ કરવાનું મનુષ્યના 'પુરુષાર્થ'ને આધીન છે, અને અર્થ (ધન) તથા કામ (ભોગ)—એ બન્ને મનુષ્યના

‘પ્રારબ્ધ’ને આધીન છે. જેવી રીતે મનુષ્ય લોટાને ગમે તો ડોલમાં ડુબાડે, કે ગમે તો સમુદ્રમાં ડુબાડે, તેમાં એક લોટાભર પાણી જ આવશે, તેવી જ રીતે મનુષ્ય ગમે તેટલો ઉદ્યોગ કરે, તેને એટલું જ ધન મળશે કે જેટલું તેના પ્રારબ્ધમાં છે. ઉદ્યોગ કરવો તે મનુષ્યનું કર્તવ્ય છે, જેમાં તે સ્વતંત્ર છે; પરન્તુ ફલ ભોગવવામાં તે પરતન્ત્ર છે— ‘**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**’ (ભ.ગીતા ૨/૪૭). હવે વિચાર કરો કે જે વસ્તુ આપણા પુરુષાર્થના વશમાં છે, તેને તો આપણે પ્રારબ્ધ (ભાગ્ય) અથવા ભગવાનને ભરોસે છોડી દઈએ છીએ કે ભાગ્યમાં લખ્યું હશે તો સાધન-ભજન થશે, ભગવાનની કૃપા હશે તો સાધન-ભજન થશે, વગેરે. પરન્તુ જે વસ્તુ પ્રારબ્ધના વશમાં છે, તેને માટે રાતદિન પરિશ્રમ કરીએ છીએ— આ કેટલા આશ્ચર્યની વાત છે ! બિલકુલ અવળી બુદ્ધિ છે !

બીજી રીતે વિચાર કરીએ તો કોઈ વ્યક્તિ આ પ્રતિજ્ઞા નથી કરી શકતી કે હું પ્રતિદિન આટલી સંખ્યામાં

રૂપિયા કમાઈશ; પરન્તુ તે આ પ્રતિજ્ઞા કરી શકે છે કે હું દરરોજ આટલી સંખ્યામાં નામજપ કરીશ. તેના પરથી સિદ્ધ થાય છે કે રૂપિયા કમાવા, સાંસારિક વસ્તુઓનો સંગ્રહ કરવો તો આપણા વશની વાત નથી, પણ નામજપ કરવો, સાધન-ભજન કરવાં તે આપણા વશની વાત છે. જે આપણા વશની વાત નથી, તેને માટે તો રાત-દિવસ લાગ્યાં રહીએ છીએ, પણ જે આપણા વશની વાત છે, તેની અવગણના કરીએ છીએ. તેટલા ઉપરથી અનુમાન કરી લો કે આપણે કેટલા ઈશ્વરવાદી છીએ ?

રૂપિયા કમાવામાં તો આપણે સમયનું ધ્યાન નથી રાખતાં, પણ ભગવાનનું ભજન, ધ્યાન, નામજપ વગેરે કરવા માટે માંડ માંડ એક-બે કલાકનો સમય કાઢીએ છીએ. (મોટાભાગના લોકો તો એટલો સમય પણ નથી કાઢતા !) તે એક-બે કલાકોમાં પણ ભગવાનનું ચિન્તન તો પરાણે કરીએ છીએ, પણ સંસારનું ચિન્તન તો

આપોઆપ થાય છે ! જપ, ધ્યાન, પાઠ-પૂજા વગેરે કરતી વખતે પણ દૃષ્ટિ વારંવાર ઘડિયાળ તરફ જાય છે. વારંવાર માળા ઊંચી કરીને જોઈએ છીએ કે કેટલી માળા બાકી રહી ગઈ ! જપ-ધ્યાનનો સમય પૂરો થતાં જ એવી રીતે ઊઠીને ભાગીએ છીએ, જેવી રીતે છુટ્ટીનો ઘંટ વાગતાં જ સ્કૂલનાં બાળકો ! જપ-ધ્યાન કરતી વખતે એટલો આનન્દ નથી આવતો કે જેટલો આનન્દ જપ-ધ્યાન કરીને ઊઠવામાં આવે છે ! તેના પરથી અનુમાન લગાવી લો કે આપણે કેટલા ઈશ્વરવાદી છીએ ?

પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજ કહેતા'તા કે *'જે સાધક હોય છે, તે ચોવીસે કલાક સાધક હોય છે. ચોવીસ કલાકમાં એક મિનિટ પણ સાધન ન થયું તો તે સાધક કહેવડાવવાને યોગ્ય નથી.'* આપણે ચોવીસ કલાકોમાં કેટલા કલાકો સાધન (પારમાર્થિક કાર્ય)માં લગાવીએ છીએ અને કેટલા કલાકો સાંસારિક કાર્યમાં લગાવીએ છીએ— એની ઉપર

પોતે જ વિચાર કરો. જો આપણે અધિક કલાકો સાંસારિક કાર્યોમાં લગાવીએ છીએ તો પછી આપણે ઈશ્વરના ભક્ત થયા કે સંસારના ભક્ત ? સાચો ઈશ્વરવાદી તો સાંસારિક કાર્ય કરતી વખતે પણ ઈશ્વરને નથી ભૂલતો.

જો આપણે ઈશ્વરને માનનારાં છીએ તો આપણા હૃદયમાં ઈશ્વરનું મહત્ત્વ હોવું જોઈએ, સંસારનું નહીં. ઈશ્વરને માનવા અથવા ન માનવાનું એટલું મહત્ત્વ નથી કે જેટલું મહત્ત્વ એ વાતનું છે કે આપણી ઈશ્વરમાં પ્રિયતા કેટલી છે, મહત્તા કેટલી છે. ક્યાંકથી રૂપિયા મળવાના હોય તો તેને માટે જે વ્યક્તિ સાધન-ભજન, સત્સંગને એ વિચારીને છોડી દે છે કે આ તો અમે પછી પણ કરી લેશું, હમણાં તો રૂપિયા કમાઈ લો, એને ઈશ્વરવાદી કેવી રીતે માની શકાય ? કારણ કે તેના હૃદયમાં રૂપિયાઓનું જેટલું મહત્ત્વ છે, એટલું ઈશ્વરનું નથી. તેને માટે ઈશ્વર રૂપિયાઓથી પણ સસ્તો થઈ ગયો ! સન્તોએ વાસ્તવિક વાત કરી છે કે ‘રૂપિયાઓથી

વસ્તુ શ્રેષ્ઠ છે, વસ્તુથી વ્યક્તિ શ્રેષ્ઠ છે, વ્યક્તિથી વિવેક શ્રેષ્ઠ છે અને વિવેકથી પણ પરમાત્મતત્ત્વ શ્રેષ્ઠ છે.' પરન્તુ જેમની બુદ્ધિ રૂપિયાઓમાં જ અટકેલી છે, તે પરમાત્મા સુધી કેવી રીતે પહોંચશે ? પરમાત્મા તો તેને માટે અત્યધિક દૂર થઈ ગયા !

સત્સંગ કરી રહ્યા છે અને પાસે જ કોઈના લડવાનો અવાજ આવી જાય તો લોકો ઊઠીને લડાઈ જોવા ચાલ્યા જાય છે. સત્સંગથી અધિક તો લડાઈ-ઝઘડાનું મહત્ત્વ થયું ! વ્યાપાર કરવા માટે, પૈસા કમાવા માટે લોકો જપ, ધ્યાન, સત્સંગ વગેરેને પણ છોડી દે છે. એવા લોકોનો ભગવાન પર એટલો પણ વિશ્વાસ નથી કે સત્સંગ-ભજન કરવાથી આપણને ખોટ નહીં જાય. ઈશ્વરના વિધાનથી જે મળવાનું છે તે તો મળશે જ. તો પછી શેને આધારે કહે છે કે અમે ઈશ્વરને માનીએ છીએ અથવા અમારો ઈશ્વર ઉપર વિશ્વાસ છે ?

ક્યાંક એક અંગ્રેજી વાક્ય વાંચ્યું'તુ—

'Man will read, write, speak, fight and even die for religion, but never live for it.'

અર્થાત્ મનુષ્ય ધર્મને માટે વાંચી લેશે, લખી દેશે, બોલી દેશે, લડી લેશે, ત્યાં સુધી કે મરી જશે, પણ ધર્મ માટે કદી જીવશે નહીં (ધર્મને જીવનમાં સંક્રમિત નહીં કરે) !

પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનન્દજી મહારાજે કહ્યું છે કે—*'અગર આપ ભગવાનને માનો છો તો તે માન્યતાનો પરિચય આપના જીવન દ્વારા મળવો જોઈએ, કેવળ વિચારો દ્વારા નહીં. આપણું જીવન દર્શાવી દે કે આપણે ભગવાનને માનીએ છીએ.'* જો આપણે પોતાને ઈશ્વરવાદી માનીએ છીએ તો હૃદય પર હાથ મૂકીને વિચાર કરો કે આપણા પર કોની અસર વિશેષ પડે છે, ભગવત્સંબંધી વાતોની કે રૂપિયાઓની, સ્ત્રીની, માન-મોટાઈની, નિન્દા-તિરસ્કારની ? રૂપિયા, સ્ત્રી વગેરે માટે આપણે કેટલો ત્યાગ કરીએ છીએ, ભૂખ-તરસની પણ પરવા નથી

કરતા, પણ ઈશ્વરને માટે આપણે કેટલો ત્યાગ કર્યો છે ? રૂપિયા કમાવા માટે આપણે કેટલી પ્રતિકૂળતા સહન કરીએ છીએ, અન્યોનાં ધમકી-ઠપકા પણ સહી લઈએ છીએ, પણ ઈશ્વરને માટે આપણે કેટલી પ્રતિકૂળતા સહી છે ?

સાચો આસ્તિક ઈશ્વરને ઇચ્છે છે, ઈશ્વરથી કશું નથી ઇચ્છતો. જો આપણે ઈશ્વરને માનીએ છીએ તો ઈશ્વર સાથે આપણો લગાવ કોઈ વસ્તુને કારણે નહીં હોવો જોઈએ. ઈશ્વરની પૂજા-ઉપાસના કરવાથી અમને ધન મળી જશે, અમારો રોગ દૂર થઈ જશે, અમારું કષ્ટ મટી જશે— એવી રીતે ઈશ્વરને પોતાની કામના-પૂર્તિનું માધ્યમ નહીં બનાવવો જોઈએ. જો આપણે કોઈ વસ્તુ મેળવવા માટે ઈશ્વરની આરાધના કરીએ છીએ તો ઈશ્વર તે વસ્તુની પ્રાપ્તિનું ‘સાધન’ થયો અને તે વસ્તુ ‘સાધ્ય’ થઈ. તેનું પરિણામ એ આવશે કે તે વસ્તુ સાથે આપણો સમ્બન્ધ જોડાઈ જશે અને ઈશ્વરથી સમ્બન્ધ-વિચ્છેદ થઈ જશે ! તાત્પર્ય એ છે કે જો આપણે

કામના-પૂર્તિ માટે ઈશ્વરની ઉપાસના કરીએ છીએ તો આપણે તે કામ્ય વસ્તુના જ ભક્ત થયા, ઈશ્વરના નહીં. જ્યારે ભગવાને વરદાન માગવા કહ્યું, ત્યારે ભક્તરાજ પ્રહ્‌લાદજી બોલ્યા—

**यस्त आशिष आशास्ते न स भृत्यः स वै वणिक् ।**

(શ્રીમદ્ ભા૦ ૭/૧૦/૪)

'જે સેવક આપની પાસે પોતાની કામનાઓ પૂર્ણ કરાવવા ઈચ્છે છે, તે સેવક નથી, તે તો વાણિયો (વ્યાપારી) છે.'

જો આપણે ઈશ્વરને માનીએ છીએ તો ઈશ્વર અને એમની સાથે સમ્બન્ધિત વાતો આપણને મહત્ત્વપૂર્ણ તથા પ્રિય લાગવી જોઈએ. વિચાર કરો કે આપણે ધનિક, ઊંચા પદ ધરાવતી વ્યક્તિનો અધિક આદર કરીએ છીએ કે સાધક, ભક્ત, સન્ત વગેરેનો ? આપણા હૃદયમાં કોનો આદર અધિક છે ? કોઈ વ્યક્તિ સાથે આપણો પ્રેમ રૂપિયા વગેરેને કારણે છે કે ભગવાનને

કારણે ? આપણે બીજાઓ સાથે વાતચીત કરીએ છીએ તો તેનો વિષય વિશેષતઃ કયો હોય છે ? આપણા મનમાં વિશેષતઃ કોનું ચિન્તન હોય છે ? આપણને વિશેષતઃ કેવી વાતો પસન્દ પડે છે ? આપણી સ્વાભાવિક રુચિ કઈ વસ્તુઓમાં છે ? આપણને કેવા પ્રકારનાં સ્વપ્નો અધિક આવે છે ? કઈ વાતોથી આપણું ચિત્ત પ્રસન્ન થાય છે ? એ વાતો પર વિચાર કરવાથી આપણને આપણી વાસ્તવિક સ્થિતિનું ભાન થઈ જશે.

અન્તમાં આ પ્રશ્ન ઊઠે છે કે ઈશ્વર ઉપર આપણો વિશ્વાસ કેવી રીતે દૃઢ થાય ? એને માટે ત્રણ શ્રેષ્ઠ સાધન છે— ભગવાનના અનન્ય ભક્તોનું ચરિત્ર વાચવું-સાંભળવું, ભગવાનમાં વિશ્વાસ રાખતા ભક્તોનો સંગ કરવો, અને સાચી લગનીથી ભગવાનને પ્રાર્થના કરવી કે 'હે નાથ ! મને આપના માટે વિશ્વાસ પ્રદાન કરો; હે પ્રભો ! મારો આપનાં ચરણોમાં પ્રેમ થઈ જાઓ.'

# સૌથી મોટો રૂપિયો કે ઈશ્વર ?

તત્ત્વદર્શી મહાપુરુષો દ્વારા કહેવાયેલી એક અત્યન્ત મૂલ્યવાન વાત અમે પહેલાં બતાવી ચૂક્યા છીએ કે 'રૂપિયાઓથી વસ્તુ શ્રેષ્ઠ છે, વસ્તુથી વ્યક્તિ શ્રેષ્ઠ છે, વ્યક્તિથી વિવેક શ્રેષ્ઠ છે અને વિવેકથી પણ પરમાત્મતત્ત્વ શ્રેષ્ઠ છે'. એ વાત ઉપર પ્રત્યેક સમજુ મનુષ્યે વિશેષતાથી વિચાર કરવો જોઈએ.

સન્તોએ રૂપિયાને સંસારની સૌથી હલકી વસ્તુ તરીકે ઓળખાવ્યો છે. કારણ કે રૂપિયો વસ્તુ-વિનિમયનું સાધન હોવાથી કેવળ વિનિમયના કામમાં જ આવે છે, સ્વયમ્ કશા પણ કામમાં નથી આવતો. એટલા માટે સન્તોએ રૂપિયાને મળ, મૂત્ર તથા કાગળની પસ્તીથી પણ હલકો બતાવ્યો છે; કારણ કે મળ ભૂંડ વગેરે પશુઓને કામ આવે છે, મૂત્ર અનેક રોગોની ચિકિત્સામાં કામ આવે છે અને કાગળની પસ્તી અગ્નિ પ્રગટાવવો વગેરેના કામમાં આવે છે, પણ રૂપિયો કોઈના કશા

કામમાં નથી આવતો. તાત્પર્ય એ છે કે રૂપિયો પોતે કશા કામમાં નથી આવતો, પરંતુ તેનો ત્યાગ અર્થાત્ ખર્ચ જ કામ આવે છે.

રૂપિયાઓથી વસ્તુ શ્રેષ્ઠ છે; કારણ કે વસ્તુ પોતે ખાવા, પીવા, પહેરવા, ઓઢવા વગેરેમાં કામ આવે છે. વસ્તુઓથી જ સમસ્ત પ્રાણીઓનું જીવન ચાલે છે. મનુષ્યનો જીવન-નિર્વાહ અન્ન-જલ-વસ્ત્ર વગેરે વસ્તુઓથી જ થાય છે. જ્યારે ચોરાસી લાખ યોનિઓનું જીવન રૂપિયા વગર ચાલી શકે છે, તો પછી એક મનુષ્ય યોનિનું જીવન રૂપિયા વગર શા માટે ન ચાલી શકે ?

વસ્તુઓથી પણ પશુ-પક્ષી શ્રેષ્ઠ છે; કારણ કે વસ્તુઓ જડ (નિષ્પ્રાણ) છે, પશુ-પક્ષી ચેતન (પ્રાણયુક્ત) છે. પશુ-પક્ષી પ્રાકૃતિક દોષોને દૂર કરીને મનુષ્યમાત્રની અનેક પ્રકારે સહાયતા કરે છે. જ્યાં પશુ-પક્ષી રહે છે, તે જંગલ શુદ્ધ રહે છે. ત્યાંની હવા પણ શુદ્ધ તથા નીરોગી કરે તેવી હોય છે. અશુદ્ધિ, ગન્દકી ત્યાં આવે છે, જ્યાં

મનુષ્ય રહે છે ! એટલા માટે મનુષ્ય પણ શુદ્ધ હવા ગ્રહણ કરવા માટે જંગલમાં સફર કરવા જાય છે !

પશુ-પક્ષીઓમાં પણ ગાય સર્વશ્રેષ્ઠ છે. ગાયનું શરીર જેટલું પવિત્ર છે, એટલું પવિત્ર કોઈ પણ પ્રાણીનું શરીર નથી. પ્રાણીઓનાં મળ-મૂત્ર બહુ અપવિત્ર હોય છે, પરન્તુ ગાયનાં તો મળ-મૂત્ર (गोबर(છાણ)-गोमूत्र) પણ બહુ પવિત્ર હોય છે ! કોઈ સ્થાનને પવિત્ર કરવા માટે ત્યાં ગાયનું છાણ લીપવામાં આવે છે. ગાયનાં છાણ અને મૂત્રમાં તથા ઘી-દૂધમાં અનેક રોગોને નાશ કરવાની અદ્‌ભુત શક્તિ છે !

ગાયથી મનુષ્ય શ્રેષ્ઠ છે; કારણ કે મનુષ્યમાં જે વિવેકશક્તિ છે, તે ગાય વગેરે કોઈ પણ પ્રાણીમાં નથી. તે વિવેકશક્તિથી મનુષ્ય સત-અસત્ અને કર્તવ્ય-અકર્તવ્યને જાણીને પોતાનું કલ્યાણ કરી શકે છે, સમ્પૂર્ણ દુઃખોનો નાશ કરીને મહાન આનન્દ પ્રાપ્ત કરી શકે છે. પોતાની વિવેકશક્તિનો સદુપયોગ કરીને મનુષ્ય

પોતાનો એટલો વિકાસ કરી શકે છે કે જેની કોઈ સીમા નથી ! તે વિવેકનો સદુપયોગ કરીને તે વિભિન્ન વૈજ્ઞાનિક શોધખોળો દ્વારા મનુષ્ય-જાતિની મહાન સેવા કરી શકે છે. પોતાના વિવેકને મહત્ત્વ દઈને તે ઊંચામાં ઊંચા સ્વર્ગાદિ લોકમાં પણ જઈ શકે છે, ત્યાં સુધી કે જન્મ-મરણથી હંમેશ માટે મુક્ત થઈને પરમાત્મતત્ત્વને પ્રાપ્ત કરી શકે છે, નરમાંથી નારાયણ બની શકે છે !

વિવેકથી પણ પરમાત્મતત્ત્વ શ્રેષ્ઠ છે, જેને પ્રાપ્ત કર્યા પછી કશું પણ કરવું, જાણવું અને મેળવવું બાકી નથી રહેતું. તે પરમાત્મતત્ત્વથી શ્રેષ્ઠ કશું પણ નથી—**पुरुषान्न परं किञ्चित्सा काष्ठा सा परा गतिः'** (કઠોપનિષદ્ ૧/૩/૧૧).

ઉપર્યુક્ત વિવેચનથી એ વાત સિદ્ધ થઈ ગઈ કે રૂપિયાથી હલકું (અધમ) કશું નથી અને પરમાત્માથી શ્રેષ્ઠ કશું નથી. પરન્તુ કેટલા દુઃખની વાત છે કે વર્તમાન સમયમાં મનુષ્યે સર્વથી અધમ રૂપિયાને સર્વથી શ્રેષ્ઠ

માની લીધો છે, જાણે પગમાં ધારણ કરવા લાયક જોડાને મસ્તક ઉપર ધારણ કરી લીધા છે ! તેને કારણે મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે, તે આંધળો થઈ ગયો છે, બેહોશ થઈ ગયો છે, પશુઓથી પણ હલકો બની ગયો છે ! રૂપિયાઓને અધિક મહત્ત્વ દેવાને પરિણામે મનુષ્યનું કેટલું પતન થઈ ગયું છે, એની થોડીક ઝાંખી જુઓ—

## ચરિત્રનો નાશ

અંગ્રેજીની પ્રસિદ્ધ કહેવત છે—

If wealth is lost, nothing is lost,
If health is lost, something is lost,
If character is lost, everything is lost.

અર્થાત્ ધન ગયું તો કંઈ નથી ગયું, સ્વાસ્થ્ય ગયું તો કશુંક ગયું, અને ચરિત્ર ગયું તો બધું જ ગયું ! પરન્તુ આજે લોકોમાં આ કહેવતથી ઊંધી જ માન્યતા જોવામાં આવી રહી છે— ચરિત્ર ગયું તો કંઈ નથી

ગયું, સ્વાસ્થ્ય ગયું તો કશુંક ગયું અને ધન ગયું તો બધું જ ગયું ! રૂપિયાઓનું મહત્ત્વ એટલું બધું વધી ગયું છે કે તેના બદલામાં પોતાનું ચરિત્ર પણ વેચાઈ જઈ રહ્યું છે. ધનના લોભથી સારાં સારાં ઘરોની સ્ત્રીઓ પણ વ્યભિચારમાં પ્રવૃત્ત થઈ રહી છે. વિદેશોમાં તો સ્ત્રીઓ પોતાનાથી ઘણી વધારે ઉંમરવાળા (વૃદ્ધ) ધનવાન પુરુષની સાથે પણ વિવાહ કરી લે છે એમ સમજીને કે આ બૂઢો જલદી મરી જશે તો તેનું ધન આપણા હાથમાં આવી જશે, પછી આપણે બીજું લગ્ન કરી લેશું ! ટેલિવિજનમાં એક અભિનેત્રીના મુખે એમ કહેવાતું સાંભળ્યું હતું કે જો રૂપિયાઓ મળતા હોય તો હું એક જાનવરની સાથે પણ નૃત્ય કરી લઈશ ! સમાજમાં પણ જુઓ તો દુશ્ચરિત્ર ધનિકનું જેટલું સમ્માન કરવામાં આવે છે, એટલું સચ્ચરિત્ર નિર્ધનનું નથી થતું.

# ધર્મનો નાશ

આજ ધાર્મિક કાર્યોમાં પણ રૂપિયાઓની જ મહત્તા થઈ રહી છે. વાસ્તવમાં ધર્મનું પાલન રૂપિયાઓથી નથી થતું. જ્યાં ધનની મહત્તા રહે છે, ત્યાં ધર્મના રૂપમાં અધર્મ જ રહે છે. શાસ્ત્રમાં સ્પષ્ટ કહેવાયું છે—

**अथैश्वर्यविमूढो हि श्रेयसो भ्रश्यते द्विजः ।**
**अर्थसम्पद्विमोहाय विमोहो नरकाय च ॥**
**तस्मादर्थमनर्थाख्यं श्रेयोऽर्थी दूरतस्त्यजेत् ।**
**यस्य धर्मार्थमर्थेहा तस्यानीहा गरीयसी ॥**
**प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम् ।**
**योऽर्थेन साध्यते धर्म क्षयिष्णुः स प्रकीर्तितः ॥**
**यः परार्थे परित्यागः सोऽक्षयो मुक्तिलक्षणः ॥**

(પદ્મપુરાણ, સૃષ્ટિ૦ ૧૯/૨૫૦-૨૫૩)

'ધન-સમ્પત્તિ મોહમાં પાડનારી હોય છે અને મોહ નરકમાં પાડે છે. એટલા માટે કલ્યાણ ઈચ્છનાર પુરુષે અનર્થના સાધન એવા અર્થ (ધન)નો દૂરથી જ ત્યાગ

કરી દેવો જોઈએ. જે મનુષ્ય ધર્મને માટે ધનની ઇચ્છા કરે છે, તેને માટે તે ઇચ્છાનો ત્યાગ કરવો જ શ્રેષ્ઠ છે; કારણ કે કીચડ લગાડીને ધોવા કરતાં કીચડને અડકવું નહીં તે જ શ્રેષ્ઠ છે. ધનને માટે જે ધર્મ કરવામાં આવે છે, તે નાશવંત મનાયો છે. પરન્તુ બીજાઓના હિતને માટે જે ધનનો ત્યાગ કરવામાં આવે છે, તે અક્ષય તથા મોક્ષની પ્રાપ્તિ કરાવનાર હોય છે.'

પરન્તુ આજ આ ઊંધી રીતિ ચાલી રહી છે કે ધન પાસે ન હોય તો લોકો પાસેથી ફાળો ઉઘરાવી ઉઘરાવીને ધન એકઠું કરે છે અને તેનાથી યજ્ઞ, ભંડારો, રાત્રિ-જાગરણ વગેરે કરાવે છે. એવાં અનુષ્ઠાનોના પરિણામ-સ્વરૂપ, ધર્મની વૃદ્ધિ તો દૂર રહી, ઊલટાનો અધર્મ વધી રહ્યો છે ! લોકોના હૃદયમાં ધર્મ અને ઈશ્વરની જગ્યાએ ધનનું જ મહત્ત્વ વધી રહ્યું છે. એક વાર મુંબઈમાં પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજની સામે એ પ્રસ્તાવ રાખવામાં આવ્યો કે

ગાયોની સેવા માટે મંડપમાં દાન-પેટી રાખવામાં આવે, તો શ્રીસ્વામીજી મહારાજે કહ્યું કે 'લોકોના હૃદયમાં પહેલેથી જ રૂપિયાઓનું મહત્ત્વ દ્રઢ થયેલું છે, એવું કરવાથી તો રૂપિયાઓનું મહત્ત્વ વિશેષ વધશે. હું અહીં ઈશ્વરનું મહત્ત્વ વધારવા આવ્યો છું, રૂપિયાઓનું મહત્ત્વ વધારવા નહીં.'

જો રૂપિયા પાસે ન હોય તો ધાર્મિક અનુષ્ઠાન ન કરવામાં કોઈ દોષ નથી, પણ ફાળો ઉઘરાવીને અનુષ્ઠાન કરવામાં મોટો દોષ છે. સંતો પાસેથી સાંભળ્યું છે કે જેવી રીતે કોઈ ધૂણી ધખાવવાવાળા સાધુ પાસેથી એક વ્યક્તિએ આવીને અંગારો માગ્યો અને તે સાધુએ ચીપિયાથી અંગારો ઉઠાવીને દઈ દીધો તો ચીપિયાને શું મળ્યું ? તેનું મુખ કાળું થયું અને ગરમ થયું ! એ દશા ફાળો ઉઘરાવનારની થાય છે.

ધર્મ-પાલન માટે ધનની જરૂર નથી. જો એવી વાત હોત તો બીચારા ગરીબ લોકો ધર્મનું પાલન કેવી રીતે

કરત ? વાસ્તવમાં ગરીબ લોકો જેટલું ધર્મનું પાલન કરી શકે છે, તેટલું ધનિક લોકો નથી કરી શકતા. કારણ કે ધર્મનું પાલન ધનથી નહીં, મનથી થાય છે. જેમના મનમાં ધનનું મહત્ત્વ છે, તે આસુરી સમ્પત્તિવાળા હોય છે. એમના ભાવ એવા હોય છે કે—

**आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।**
**यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥**

(ભ. ગીતા૦ ૧૬/૧૫)

'અમે ધનવાન છીએ, ખૂબ માણસો અમારી પાસે છે, અમારી સમાન બીજું કોણ છે ? અમે ખૂબ યજ્ઞો કરશું, દાન દેશું અને મજા કરશું—એવી રીતે તેઓ અજ્ઞાનથી મોહિત રહે છે.'

જેના હૃદયમાં રૂપિયાઓનું મહત્ત્વ છે, તે કદી ધર્માત્મા નથી બની શકતો. તે કોઈ ધર્મ-કાર્ય પણ કરશે તો લોકો તેનાથી પૂરો લાભ નહીં ઉઠાવી શકે. લોભી આદમીનો પૈસો મહા અશુદ્ધ હોય છે.

# વિશ્વાસઘાત

વિશ્વાસઘાતથી મોટું કોઈ પાપ નથી. અન્ય પાપ તો ફળ ભોગવવાથી નષ્ટ થઈ જાય છે, પણ વિશ્વાસઘાત રૂપી મહાપાપ કદી નષ્ટ નથી થતું. શાસ્ત્રમાં આવ્યું છે—

**ब्रह्मघ्ने च सुरापे च चौरे भग्नव्रते तथा।**
**निष्कृतिर्विहिता राजन् कृतघ्ने नास्ति निष्कृतिः॥**

(મહાભારત, શાન્તિ૦ ૧૭૨/૨૫; ૨૭૧/૧૧)

'રાજન્ ! બ્રહ્મહત્યારાઓ, શરાબી, ચોર તથા વ્રતભંગ કરનારાઓ માટે તો શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્તનું વિધાન છે, પણ કૃતઘ્નના ઉદ્ધાર માટે કોઈ ઉપાય નથી.'

**विश्वासघातिनां पुंसां मित्रद्रोहकृतां तथा ।**
**तेषां गतिर्न वेदेषु पुराणेषु च का कथा ॥**

(સ્કન્દપુરાણ, અવ૦ રેવા૦ ૨૦૯/૯૧-૯૨)

'વિશ્વાસઘાત તથા મિત્રદ્રોહ કરનારા મનુષ્યોની ગતિનું વર્ણન વેદોમાં પણ નથી મળતું, તો પછી પુરાણોનું તો કહેવું જ શું ?

આજ વ્યાપાર-જગતમાં વિશ્વાસઘાત કરવો તે એક સામાન્ય વાત બની રહી છે. અન્યનો પૈસો, ઉધારનો પૈસો હડપ કરવામાં સૌ ચતુર બની રહ્યા છે. નરકોમાં લઈ જવા માટે આ ચતુરાઈ બહુ કામ આવે છે ! એવા લોકોને ન તો ઈશ્વરનો વિશ્વાસ છે કે એની કૃપાથી મળશે, ન પોતાના ભાગ્ય ઉપર વિશ્વાસ છે કે જે ભાગ્યમાં લખ્યું છે, તે અવશ્ય મળશે, અને ન પોતાની ઉપર વિશ્વાસ છે કે અમે મહેનત કરીને કમાઈ લેશું. વિશ્વાસ છે દગા ઉપર, વિશ્વાસઘાત ઉપર, બેઈમાની ઉપર, છેતરપિંડી ઉપર કે કઈ રીતે મફતમાં બીજાનો પૈસો મળી જાય ! એમને આ વિચાર આવતો જ નથી કે જ્યારે મોત આવશે, ત્યારે એક કોડી પણ સાથે ચાલશે નહીં અને પાપ રતીભર પણ પાછળ રહેશે નહીં !

**धनानि भूमौ पशवश्च गोष्ठे नारी गृहद्वारि सुताः श्मशाने ।**
**देहश्चितायां परलोकमार्गे धर्मानुगो गच्छति जीव एकः ।।**

'શરીર છોડતી વખતે ધન તિજોરીમાં પડ્યું રહે છે, પશુ જ્યાં-ત્યાં (તબેલામાં અને ગમાણમાં) બાંધેલાં રહી જાય છે, સ્ત્રી ઘરના દ્વાર સુધી જ સાથ દે છે, પુત્રો સ્મશાન સુધી સાથ દે છે અને શરીર ચિતા સુધી જ સાથે રહે છે. પછી પરલોકમાર્ગમાં એક ધર્મ જ જીવની સાથે જાય છે.'

* * *

**सेठजी को फिक्र थी, एक-एक के दस कीजिये,**
**मौत आ पहुँची कि हजरत जान वापिस कीजिये ।**

* * *

**चार दिन है शानो-शौकत का खुमार,**
**मौत की तुर्शी नशा देगी उतार ।**
**जब उठायेंगे जनाजा मिल के चार,**
**हाथ मल-मलकर कहोगे बार-बार ।**
**किसलिये आये थे और क्या कर चले,**
**जो यहाँ जोड़ा यहीं पर धर चले ।**

# ગરીબોનો તિરસ્કાર

રૂપિયાઓનું મહત્ત્વ વધવાથી ધનિકોનું સમ્માન અને ગરીબોનો તિરસ્કાર થવો સ્વાભાવિક છે. વિચારપૂર્વક જોઈએ તો ધનિકોનું સમ્માન ગરીબોને કારણે જ છે. જો ગરીબો ન હોત, બધા ધનિકો હોત તો ધનિકોનું સમ્માન કોણ કરત ? ધનિકો સમજે છે કે અમે ગરીબોને કરજ દઈએ છીએ, તેથી અમે મોટા છીએ; પણ વિચાર કરો, કરજ લેનારો જો ગરીબ છે તો શું કરજ દેનારો ગરીબ નથી ? કરજ લેનારને રૂપિયા જોઈએ તો શું કરજ દેનારને રૂપિયા નથી જોઈતા ? તે પણ રૂપિયાઓ માટે જ કરજ દે છે ! વાસ્તવિક વાત તો એ છે કે જેમ-જેમ ધન વૃદ્ધિ પામે છે, તેમ-તેમ હૃદય સંકુચિત થતું જાય છે તથા ગરીબી વધતી જાય છે. બહારથી જેટલો મોટો ધનવાન, અંદરથી એટલો જ તે મોટો ગરીબ ! તાત્પર્ય એ છે કે રૂપિયા મળવાથી ગરીબી નથી મટતી, પરન્તુ રૂપિયાઓની ઈચ્છા મટવાથી ગરીબી મટે છે. શ્રીશંકરાચાર્યજી મહારાજ કહે છે—

**को वा दरिद्रो हि विशालतृष्णः श्रीमांश्च को यस्य समस्ततोषः ॥**

(પ્રશ્નોત્તરી ૫)

'દરિદ્ર કોણ છે ? વિશાળ તૃષ્ણાવાળો, અને ધનવાન કોણ છે ? જેને સર્વ પ્રકારે સંતોષ છે.'

ધનિક લોકો દાન દે છે તો તેમાં મોટાઈનો અનુભવ કરે છે અને પોતાનો પ્રચાર કરે છે. પણ વાસ્તવમાં જોઈએ તો દાન એક ટેક્સ છે, કોઈ મોટી વાત નથી. જેવી રીતે અધિક આવક ઉપર ઈન્કમ-ટેક્સ લાગે છે, તેવી જ રીતે અધિક ધન ઉપર દાન રૂપી ટેક્સ લાગે છે. કોઈ વ્યક્તિ આ વાતમાં મોટાઈનો અનુભવ નથી કરતી અને પ્રચાર પણ નથી કરતી કે મેં આટલો ઈન્કમ-ટેક્સ દીધો છે ! પરન્તુ ધનિક લોકો દાન દે છે તો વર્તમાન-પત્રમાં છપાવે છે, લાઉડસ્પીકરથી સૂચના અપાવે છે, દાન-દાતાઓની યાદીમાં પોતાનું નામ લખાવરાવે છે. દાન લેવાવાળા પણ અધિક રૂપિયાઓ માટે લાલચથી દાન-દાતાઓને લોભ દે છે કે જો આટલા રૂપિયા દેશે તો આપના નામનો શિલાલેખ લગાવવામાં આવશે, પત્રિકામાં છપાવવામાં આવશે, વગેરે. ધનિકોની પાસે રૂપિયો તો નિર્ધનોનો

આવ્યો છે, પણ મહોર પોતાના નામની લગાડે છે ! લોકો તેમની આગળ મસ્તક નમાવે છે તો તેમની છાતી ફૂલી જાય છે. પણ કોઈ એમને સમજાવો કે શેઠજી, ભૂલમાં ન રહો, લોકો આપની આગળ નહીં, રૂપિયાઓની આગળ મસ્તક નમાવી રહ્યા છે ! આપની પાસે રૂપિયા ન રહે તો કોઈ આપની તરફ નજર ય નહીં કરે. આ રૂપિયાઓની ઇજ્જત છે, આપની નહીં. આપની તો ફજેતી જ છે !

ધનિક લોકો પોતાની વાહવાહને માટે બહાર તો મોટાં મોટાં દાન કરે છે, પણ તેમના ઘરના લોકો તથા નોકર દુઃખ પામે છે ! તે ધનિક લોકોની અસલિયત જાણવી હોય તો એકાન્તમાં તેમના નોકરોને મળીને પૂછો.

## દહેજની માંગ

દહેજ લેવા-દેવામાં દોષ નથી, દોષ છે— દહેજની માંગણી કરવામાં અર્થાત્ લોભ. માતા-પિતા પુત્રની જ જેમ કન્યાને જન્મ આપે છે, સર્વ તકલીફો સહન કરીને તેનું પાલન-પોષણ કરે છે, ભણાવી-ગણાવીને તેને યોગ્ય બનાવે છે. પછી તેઓ તે કન્યાને માટે સુયોગ્ય વર

શોધીને તેની સાથે તેનો વિવાહ કરે છે. વિવાહમાં કન્યા પોતાનાં માતા-પિતા, પોતાનું ગોત્ર, પોતાનું ઘર વગેરે સર્વનો ત્યાગ કરીને પતિની પાસે જાય છે, પણ પતિએ શો ત્યાગ કર્યો ? વરપક્ષ પણ પોતાની વંશ-પરંપરા ચલાવવા માટે તે કન્યાનો સ્વીકાર કરે છે. એને 'કન્યાદાન'* કહેવાય છે. એ સૌ જાણે છે કે દાન

* કન્યાદાન અન્ય દાનોની જેવું નથી. તેની 'દાન' સંજ્ઞા ત્યાં સુધી રહે છે, જ્યાં સુધી કન્યાને સંતાન ન થાય. તેને 'દાન' કહેવાનું તાત્પર્ય એ છે કે જેવી રીતે એક વાર દાનમાં દીધેલી વસ્તુ બીજી વાર દાનમાં નથી દેવાતી, તેવી રીતે જ કન્યાદાન પણ એક જ વાર થાય છે, બીજી વાર નહીં—

**सिंह गमन सज्जन वचन, कदलि फलै इक बार ।**
**तिरिया तेल हम्मीर हठ, चढ़ै न दूजी बार ॥**

* * *

**सकृदंशो निपतति सकृत्कन्या प्रदीयते ।**
**सकृदाह ददानीति त्रीण्येतानि सतां सकृत् ॥**

(મહાભારત વન૦ ૨૯૪/૨૬; મનુસ્મૃતિ૦ ૯/૪૭)

'કુટુમ્બમાં ધન વગેરેની વહેંચણી એક જ વાર થાય છે, કન્યા એક જ વાર દેવાય છે અને કોઈ વસ્તુ દેવાની પ્રતિજ્ઞા પણ એક જ વાર કરવામાં આવે છે. સત્પુરુષોનાં આ ત્રણે કાર્ય એક જ વાર થતાં હોય છે.'

લેનારનો હાથ નીચે રહે છે અને દાન દેનારનો હાથ ઊંચો રહે છે. પરન્તુ આજકાલ ઊંધી રીતિ ચાલી રહી છે ! દેનારો તો નમ્ર બનીને દે છે અને લેનારો અભિમાનપૂર્વક લે છે ! એટલું જ નહીં, તે બેશરમ બનીને ભૂખ્યા ભિખારીની જેમ દહેજ માગે છે. જેવી રીતે ગીધની દૃષ્ટિ માંસ ઉપર રહે છે, તેવી જ રીતે તેની દૃષ્ટિ દહેજ (રૂપિયાઓ) ઉપર રહે છે, કન્યારૂપી અમૂલ્ય ધન ઉપર નહીં; કારણ કે રૂપિયાઓના લોભથી એની બુદ્ધિ પૂરેપૂરી ભ્રષ્ટ થઈ ચૂકી છે. દહેજની લાલચથી તે પોતાના દીકરાનું પણ જાણે કે લિલામ કરી દે છે ! માગણ બનવામાં તેને શરમ પણ નથી આવતી. શરમ આવે પણ શા માટે ? કારણ કે હવે તે શિંગડાં-પૂછડા વિનાનો પશુ બની ચૂક્યો છે ! તેની માનવતા (મનુષ્યપણું) મરી ચૂકી છે. એટલા માટે દહેજના લોભથી તે વહુને ઘરમાંથી કાઢી મૂકતાં અથવા તેની હત્યા કરી નાખતાં પણ સંકોચાતો નથી !

જો કે સરકારે દહેજ-વિરોધી કાયદો પણ બનાવ્યો છે, તો પણ કાનૂનનો સદુપયોગ ઓછો અને દુરુપયોગ

અધિક થઈ રહ્યો છે. અધિકતર દુશ્ચરિત્ર સ્ત્રીઓ પોતાનાં પતિ તથા સાસુ-સસરાને હેરાન કરવા માટે આ કાનૂનનો ટેકો લે છે, અને જે વાસ્તવમાં દહેજ-પીડિત સ્ત્રીઓ છે, તે ન્યાયથી વંચિત રહી જાય છે ! પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી કહેતા હતા કે આ કુપ્રથા દહેજ ન દેવાથી બંધ નહીં થાય, પણ દહેજ ન લેવાથી બંધ થશે.

## પારસ્પરિક સદ્ભાવનો નાશ

પહેલાં કુટુંબમાં, સમાજમાં, ગામમાં, નગરમાં, પ્રાન્તમાં, દેશમાં, વિશ્વમાં માનવ-સમાજની વચ્ચે જે પારસ્પરિક સદ્ભાવ હતો, એકતા હતી, પ્રેમ હતો, તેમને વર્તમાનમાં રૂપિયાઓના મહત્ત્વે નષ્ટ કરી દીધાં છે. હવે પ્રત્યેક સમ્બન્ધની વચ્ચે રૂપિયો મુખ્ય થઈ ગયો છે. ગુરુ-શિષ્યના સમ્બન્ધમાં, પિતા-પુત્રના સમ્બન્ધમાં, પતિ-પત્નીના સમ્બન્ધમાં, બધા સમ્બન્ધોમાં રૂપિયાઓની જ મુખ્યતા થઈ રહી છે ! જે ગુરુ એક વખત સર્વનો સ્વામી બનીને રહેતો'તો, તે આજે સ્વયમ્

ધનનો દાસ બની ગયો છે ! રૂપિયા એકઠા કરવા માટે તે જાત-જાતનાં નાટક કરે છે, અભિનય કરી રહ્યો છે. કેવળ કલ્યાણનો સમ્બન્ધ રાખનારા ગુરુ-શિષ્યના પવિત્ર સમ્બન્ધમાં પણ રૂપિયાઓની મુખ્યતા જ થઈ રહી છે ! ગુરુ એ જ ચેલાની શોધમાં રહે છે કે જેની પાસેથી રૂપિયા મળવાની સમ્ભાવના હોય અથવા જે રૂપિયા કમાઈને દઈ શકે. ધનિક લોકો ગુરુજી પાસે જાય છે તો ગુરુજી લાલચી આંખોથી એમની તરફ તાકતા રહે છે કે ક્યારે તેઓ રૂપિયા કાઢવા માટે પોતાના ખીસામાં હાથ નાખશે ! પણ ધનિક લોકો પણ જલદી પીગળે એવા નથી. તેઓ ખીસામાંથી રૂમાલ કાઢશે, પણ રૂપિયો નહીં કાઢે ! પાખંડી ગુરુ રૂપિયાઓના બદલામાં ભગવાનને, મુક્તિને વેચવા ઇચ્છે છે અને ચેલાઓ રૂપિયાઓના બદલામાં ગુરુને ખરીદવા ઇચ્છે છે. ગુરુની દૃષ્ટિ ચેલાનાં ધન અને સ્ત્રી ઉપર રહે છે તથા ચેલાની દૃષ્ટિ ગુરુની ગાદી અથવા આશ્રમ ઉપર રહે છે.

રૂપિયાઓનો લોભ પ્રેમને ખાઈ ગયો છે. કોઈ કોઈની સહાયતા, સેવા કે ઉપકાર પણ કરે છે તો તેમાં પણ તેની દૃષ્ટિ પૈસા કમાવા તરફ જ રહે છે. પૈસા વિના કોઈ કોઈને માટે કશું કરવા નથી ઇચ્છતું. જેઓ ધર્મના નામ પર એક નથી થતા, તેઓ પણ રૂપિયાઓને માટે (ઉપર ઉપરથી) એક થઈ જાય છે ! ધર્મ રૂપિયાઓથી પણ હલકો થઈ ગયો ! લોકો સાધકોથી, સન્તોથી તો નારાજ થઈ જશે, પણ જેમની પાસેથી રૂપિયાઓનો લાભ થાય છે, તેમનાથી નારાજ નહીં થાય. વિચાર કરો, એનાથી રૂપિયાઓનું મહત્ત્વ સિદ્ધ થયું કે ઈશ્વરનું ?

## પાપનો બાપ—લોભ

સમાજની જે મુખ્ય વ્યક્તિ કહેવાય છે, તેમની બુદ્ધિને પણ રૂપિયાઓના લોભે ભ્રષ્ટ કરી દીધી છે ! સમાજના પ્રત્યેક પદ ઉપર વ્યક્તિ જાણે બીજાઓને લૂંટવા જ બેઠી છે ! ડૉક્ટરની દૃષ્ટિ રોગીના નીરોગીપણા તરફ નથી

રહી, પરન્તુ રૂપિયાઓની તરફ થઈ ગઈ કે રોગી પાસેથી કેવી રીતે અધિકાધિક રૂપિયા છેતરીને પડાવી લઈ શકાય ! પહેલાં વૈદ્ય લોકો રોગીની નાડ વગેરે જોઈને પોતાની બુદ્ધિ લડાવતા'તા અને રોગનું નિદાન કરતા'તા. પણ હવે ડૉક્ટર તરત જ જાતજાતની યાંત્રિક તપાસ કરાવવાનું લખી આપે છે; કારણ કે એમને પ્રત્યેક તપાસમાં કમીશન મળે છે. એટલું જ નહીં, સાંભળવા તો ત્યાં સુધી મળ્યું છે કે ઉત્તરપ્રદેશની એક કૉલેજમાં ભણાવ્યા વિના જ રૂપિયા લઈને ડૉક્ટરની ડિગ્રી દઈ દેવામાં આવે છે ! એવા ડૉક્ટરોને હાથે રોગીઓની શી દશા થશે ! સ્કૂલ-કૉલજોમાં પ્રવેશ પણ 'ડોનેશન' (રિશ્વત, લાંચ) દઈને જ મળે છે. અધ્યાપક સ્કૂલમાં ઉત્તમ રીતે નથી ભણાવતા, જેથી વિદ્યાર્થી ટ્યૂશન રાખવા માટે લાચાર થઈ જાય. સ્કૂલ-કૉલેજ કેવળ રૂપિયા કમાવાનું માધ્યમ બનતી રહી છે.

રૂપિયાઓના લોભથી સંસારમાં એટલી ભયંકર-ભયંકર બદીઓ ફેલાઈ રહી છે કે જેમની કલ્પનાથી

પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે. મોટાં શહેરોમાં યુવાન છોકરાઓનું અપહરણ કરીને એમનાં મૂત્રપિંડ (કિડની) વગેરે કાઢી લઈને વેચી દેવામાં આવે છે. રૂપિયાઓ માટે ગોમાતાની હત્યા કરવામાં આવી રહી છે ! રૂપિયાઓના લોભથી જીવ-હત્યા, ગર્ભપાત, દેહ-વ્યાપાર, અપહરણ, દેશદ્રોહ વગેરે મોટાં મોટાં પાપ થઈ રહ્યાં છે ! રૂપિયાઓના લોભથી જાત-જાતના અત્યન્ત હાનિકારક નશીલા પદાર્થો (ડ્રગ્સ)-નો વ્યાપાર ચાલી રહ્યો છે, જેનાથી યુવાવર્ગનું જીવન ભ્રષ્ટ થઈ રહ્યું છે. ખાદ્યપદાર્થોમાં પણ રૂપિયાઓના લોભથી જાત-જાતની નકલી તથા ઝેરી ચીજોની મેળવણી થઈ રહી છે. દૂધ, ઘી, માવો વગેરે પણ નકલી તથા ઝેરી બની રહ્યાં છે. ખાવા માટેના શુદ્ધ પદાર્થ મળવા દુર્લભ થઈ રહ્યા છે ! રૂપિયાઓના લોભથી આજે દેશના રક્ષકો પણ ભક્ષક બની રહ્યા છે. કહેવાતા (તથાકથિત) નેતા-લોકો રૂપિયા એકઠા કરવા માટે જ ખુરશી ઉપર બેસે છે, નહીં કે જનતાની સેવા કરવા માટે. પહેલાંના

જમાનામાં ડાકુ લોકો ધાડ પાડવા આવતા'તા તો લોકો રક્ષણ માટે પોલીસને બોલાવતા'તા, પણ હવે તેઓ ધાડ પાડવા આવે છે તો પોલીસને સાથે લઈને આવે છે ! મોટા મોટા અપરાધીઓ પણ રૂપિયા દઈને કાનૂનના સકંજામાંથી સુગમતાપૂર્વક છૂટી જાય છે અને આઝાદ ઘૂમે છે. ઈશ્વર, ધર્મ, અને શાસનનો ભય કોઈને નથી રહ્યો. રૂપિયાઓના લોભથી સમાજમાં જેટલાં પાપ થઈ રહ્યાં છે, તેમની ગણના નથી કરી શકાતી !

પહેલાં જ્યારે સમાજમાં ઈશ્વરની, ધર્મની મુખ્યતા હતી, ત્યારે લોકો આજ કરતાં અધિક સુખી હતા. લડાઈ-ઝઘડા ઓછાં થતાં'તાં, અપરાધો ઓછા થતા'તા. પરન્તુ આજ રૂપિયાઓની મુખ્યતા થઈ જવાથી લોકો અધિકાધિક દુઃખી થતા રહ્યા છે, ઘર-ઘર લડાઈ-ઝઘડા વધતાં જઈ રહ્યાં છે, અપરાધો દિવસે દિવસે વધી રહ્યા છે.

જેના હૃદયમાં ઈશ્વરની મુખ્યતા છે, તેના હૃદયમાં શાન્તિ છે, ભલે તે કરોડપતિ હોય કે ભલે તેની પાસે એક પૈસો ન હોય ! પરન્તુ જેના હૃદયમાં રૂપિયાઓની

મુખ્યતા છે, તેના હૃદયમાં અશાન્તિ છે, ભલે તે ધનિકોમાં ધનિક હોય, કે ભલે તે ગરીબથી ગરીબ હોય. જંગલમાં એક ઝૂંપડીમાં બેઠેલા લંગોટીધારી સાધુને રાજા-લોકો પણ 'મહારાજ' કરીને પ્રણામ કરે છે; કારણ કે તેની પાસે અવિનાશી ધન (ઈશ્વર) છે. એક વાર કોઈ અત્યધિક ધનિક શેઠ ભાઈજી (શ્રીહનુમાનપ્રસાદજી પોદ્દાર)-ની પાસે આવ્યો, અને બોલ્યો કે આપની સાથે એકાન્તમાં થોડી વાત કરવી છે. ભાઈજીએ તેને એકાન્તમાં બોલાવ્યો અને પૂછ્યું કે શી વાત છે, તો તે શેઠ ધ્રુસ્કે ને ધ્રુસ્કે વિલાપ કરવા લાગ્યો ! ભાઈજીએ કહ્યું કે વાત તો બતાવો, રડો છો શું કામ ? તે શેઠ બોલ્યો કે પહેલાં મને પેટ ભરીને રોઈ લેવા દો; કારણ કે મારું રુદન સાંભળવાવાળું પણ કોઈ નથી ! આ દશા છે અધિક ધનવાળાઓની !

તાત્પર્ય એ નીકળ્યું કે જે રૂપિયો વસ્તુ-વિનિમયનું 'સાધન' હતો, તે હવે 'સાધ્ય' બની ગયો છે. મનુષ્યો દ્વારા પેદા કરાયેલા રૂપિયા હવે ભસ્માસુર બનીને મનુષ્યોનો જ નાશ કરી રહ્યા છે ! રૂપિયાઓની લોભી

વ્યક્તિઓ, દુનિયાને નરક બનાવી રહી છે. કોઈએ સાચું કહ્યું છે કે— **'एक मासूम-सा बच्चा, बड़ोंकी देखकर दुनिया, बड़ा होने से डरता है !'**

રૂપિયો પોતાની જગ્યાએ બહુ કામનો છે, પણ એને અધિક મહત્ત્વ દેવાથી મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. જોડા પગ માટે બહુ કામના છે, પણ તેને કોઈ પોતાના શિર પર ધારણ કરી લે તો આપ શું કહેશો ? એટલા માટે મનુષ્ય-માત્રનું કર્તવ્ય છે કે તે રૂપિયાઓને વસ્તુ-વિનિમયનું સાધન જ રહેવા દે, વસ્તુઓના દ્વારા પોતાનો જીવન-નિર્વાહ તથા બીજાઓની સેવા કરે અને પોતાના વિવેકને મહત્ત્વ દઈને પરમાત્મપ્રાપ્તિને માટે તત્પર થઈ જાય, કે જેની પ્રાપ્તિમાં જ મનુષ્યજીવનની પૂર્ણતા છે.

**मूल पुस्तकमें जो विशेषता होती है, वह अनुवादमें नहीं आ पाती । अनुवादमें प्रायः लेखकके कई भाव पूरी तरह व्यक्त नहीं हो पाते । इसलिये जिज्ञासु पाठकोंसे निवेदन है कि यदि उन्हें हिन्दी भाषाका ज्ञान हो तो वे मूल हिन्दी पुस्तकको भी अवश्य पढ़नेकी कृपा करें ।**